# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૬ સને ૨૦૨૦ સં.૨૦૭૬

અંક : ૨ ભાદો/ઓગષ્ટ સળંગ અંક-૯૯


**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**


**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ તીર્થાધિરાજ અને તીર્થોદ્ધાર-૨

★ ગુરુતત્ત્વ

★ શાસ્ત્ર-વિલોકન, જ્ઞાનોપાર્જન

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**जो अविकलं संजमं च,**

**साहू करिज्ज पच्छावि ।**

**अन्नियसुओ व्व सो,**

**नियगमट्ठमचिरेण साहेइ ।।**

જે મહાત્મા અખંડતપ અને સંયમ (પૃથ્વીકાયાદિની રક્ષા) ને આરાધે છે તે અંત કાળે પણ અર્ણિકા પુત્ર આચાર્યની જેમ પોતાના ઈષ્ટ પ્રયોજનને શીઘ્ર સાધે છે. - ઉપદેશમાળા

જેઓ પ્રાણાંતે પણ કીડી જેવા નાના જીવો પ્રત્યેય દ્વેષ કરવાનું ઈચ્છતા નથી તેવા નિષ્પાપ મુનિભગવંતો બીજા જીવો પ્રત્યે અપરાધ કઈ રીતે કરે ? - ઉપદેશમાળા





**સંકલનઃ સંવર્ધન : પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

તક્ષશિલાથી લાવેલ શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા સ્થાપન કરવામાંય અસુરનિકાયના કેટલાક મિથ્યાત્વી દેવોએ વિઘ્ન લાવવાના પ્રયત્નો કર્યા. શ્રીવજ્રસ્વામી જેવા પ્રચંડ પ્રતિભાના સ્વામીએ તે વિઘ્નોનો પોતાની દિવ્યશક્તિઓથી નાશ કર્યો. તે પ્રતિષ્ઠા સમયે જાવડશાએ ખૂબ ખૂબ ધનનો સદ્વ્યય કર્યો.

પ્રતિષ્ઠાના સમયે જાવડશા, પોતાની પત્ની સહિત શિખર પર ધ્વજારોહણ કરવા ચઢ્યા. ધ્વજારોહણ તો ભવ્યરીતે સંપન્ન થયું. 'મારું સર્વકાર્ય પૂર્ણ થયું તથા પોતાના હાથે આ તીર્થનો ઉદ્ધાર થયો તેનો આનંદ દિલમાં ઊભરાવા લાગ્યો. હર્ષોલ્લાસના એ વાતાવરણમાં અંદરનો આનંદ નાચવાદ્વારા જાણે બહાર આવતો હોય તેમ શિખર પર જ તેઓ નાચવા લાગ્યા. નાચવાના ભાવમાં ખ્યાલ ન રહેતાં પગ લપસ્યો ને શિખર પરથી નીચે પડ્યા. મર્મસ્થાને ચોંટ લાગતાં; તીર્થોદ્ધાર - ભગવદ્ભક્તિના ઊંચા ભાવો સાથે તત્કાળ મૃત્યુ પામ્યા. જાવડશાનો ઉન્નત આત્મા ઊર્ધ્વગતિ - સ્વર્ગગામી થયો. જાવડશાનો પુત્ર જાજનાગ અને સકલસંઘ આ વિપત્તિથી આઘાતગ્રસ્ત બને તે સ્વાભાવિક છે પરંતુ આચાર્યભગવંત શ્રી વજ્રસ્વામીએ ઉપદેશની ધારાથી એ આઘાતને દૂર કર્યો. બધા શાંત થયા.

સંસારના તમામ તાપ-સંતાપોને શમાવનારી, કષાયાદિની આગને શાંત કરતી શીતળ જલધારા જેવી જિનવાણીનો જાદુ જ અચરિજ ઉપજાવે એવો છે ! જિનવાણીએ કોના તાપ-સંતાપ અને સંક્લેશ નથી મિટાવ્યા ? કોને સાંત્વન નથી આપ્યું ? તમામ કર્મોના દાવાનળનેય શાંત કરવાનું અપૂર્વ સામર્થ્ય આ જિનવાણીમાં જોવા મળે છે, આત્મારૂપી ઉખર ભૂમિનેય ફળદ્રુપ બનાવનારી આ જિનવાણી તો પુષ્કરાવર્ત મેઘ છે.

જાવડશાની આ તીર્થની રક્ષા માટે, ઉન્નતિમાટે - ભક્તિમાટે ઘણી ભાવના - ઘણા અરમાનો હતાં... પરંતુ ભવિતવ્યતાએ એને બર ન આવવા દીધાં. એ ભાવનાઓ ભૂગર્ભમાં જ રહી. મનની એ આકાંક્ષાઓ મૂર્તસ્વરૂપ લે તે પૂર્વે જ કાળરાજાએ જાવડશાને આ દુનિયામાંથી સ્વર્ગલોકમાં મોકલી આપ્યા. મનની મુરાદો મનમાં જ રહી ગઈ. કર્મ - કાળ - શરીરાદિનો ભરોસો કરી શકાય તેમ નથી. કર્મ અને ભવિતવ્યતા આગળ શહેનશાહો પણ કાંઈ કરી શકતા નથી માટે જ તો ઉત્તરાધ્યયન સૂત્ર જણાવે છે. 'કડાણ કમ્માણ ન મોક્ખો અત્થિ.' કરેલાં કર્મો ભોગવ્યા સિવાય મુક્તિ નથી.

આ ઉદ્ધાર પછી એક ઉદ્ધારની વાત, ચન્દ્રગચ્છમાં થયેલા આચાર્ય શ્રી ધનેશ્વરસૂરીશ્વરજી મહારાજે પોતે બનાવેલા શત્રુંજય માહાત્મ્યમાં મળે છે. તે ઉપરાંત આ જ વાતનો ઉલ્લેખ સંક્ષેપમાં બે જગ્યાએ મળે છે. ૧ આચાર્યશ્રી ધર્મઘોષ સૂરિ મ. કૃત પ્રાકૃતકલ્પમાં તથા ૨. આચાર્યશ્રી જિનપ્રભસૂરિ મ. કૃત સંસ્કૃતકલ્પમાં આ સિવાય આ ઉદ્ધારનું વર્ણન જોવા મળતું નથી. આ ઉદ્ધારનો કાળ વિક્રમ સંવત ૪૭૭ બતાવવામાં આવે છે. સોળ ઉદ્ધારમાં આ ઉદ્ધારની ગણતરી કરવામાં આવી નથી. તેની વાચકોએ નોંધ લેવી.

જાવડશાના ઉદ્ધાર પછી સૌરાષ્ટ્ર અને લાટ વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મનું જોર વધી ગયું હતું. મતલબ, બૌદ્ધમતનો ફેલાવો વધ્યો હતો. બૌદ્ધાચાર્યોએ તે તે દેશના રાજાઓને પોતાના અનુયાયી બનાવી દીધા હતા. તે સત્તાના બળે જૈન ધર્મના રાજાઓને દેશનિકાલ કરાવ્યા હતા ! જૈનોનાં જેટાલાં તીર્થો હતાં તેમાં તે બૌદ્ધાચાર્યોએ પોતાની હકુમત પ્રવર્તાવવા જૈન તીર્થંકરની પ્રતિમાઓની જગ્યાએ બૌદ્ધની પ્રતિમાઓ સ્થાપિત કરાવી દીધી હતી, આમાં પરમપવિત્ર - શાશ્વતગિરિરાજને ય બાકી રાખ્યું ન હોતું. મતલબ, ત્યાંય બૌદ્ધોએ અતિક્રમણ કર્યું હતું.

થોડા સમયમાં ત્યાં ચન્દ્રગચ્છીય ધનેશ્વરસૂરિ મ. નામના એક તેજસ્વી જૈનાચાર્ય થયા. તેમણે વલ્લભીપુરના રાજા શિલાદિત્યને પ્રતિબોધ કરી જૈન બનાવ્યા. શિલાદિત્યરાજાએ બૌદ્ધોના અત્યાચારથી કંટાળી, તેમની સામે જેહાદ જગાવી બૌદ્ધોને ત્યાંથી હાંકી કાઢ્યા, આ વાત શત્રુંજય માહાત્મ્ય ગ્રંથમાં આ.શ્રી ધનેશ્વરસૂરિજીએ બતાવી છે.

આ આચાર્યશ્રીજીએ રાજાશિલાદિત્યને ઉપદેશ આપી શત્રુંજયનો ઉદ્ધાર કરાવ્યો... ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

પ્રાકૃત - સંસ્કૃત કલ્પોમાં એક વાત એવી પણ છે કે ભૂતકાળના જીર્ણોદ્ધાર સમયે બનાવેલી કેટલીક રત્નમય સુવર્ણમય જિનપ્રતિમાઓ ગુપ્ત ગુફાઓમાં આજે પણ વિદ્યમાન છે ! દેવતાઓ હંમેશા એની પૂજા કરે છે. આવા ગ્રંથો-કલ્પોનાં માધ્યમથી એટલું તો જરૂર પુરવાર થાય છે કે - આ મહાન પવિત્ર તીર્થ ઉપર અનેક વાર વિપત્તિઓ - વિઘ્નો આવ્યાં છે. ઘણીવાર જિનાલયો કે જિનપ્રતિમાઓનાં ખંડન થયાં છે... છતાં સંખ્ય - અસંખ્ય - અનંતકાળ ગયા પછી પણ ભવ્યજીવોની આસ્થાને આંચ નથી આવી. શ્રદ્ધા અખંડ બની રહી છે. તીર્થના મહિમા - પ્રભાવમાંય ઘટાડો નથી થયો ! તીર્થનું ગૌરવ પણ જળવાઈ રહ્યું છે. જૈનોની હૃદયથી થતી ભક્તિ-ભાવના એમાં જવાબદાર છે.



જૈનોએ આ તીર્થ પાછળ જે સદ્‌વ્યય કર્યો છે તેટલો સદ્‌વ્યય (ખર્ચ) ભાગ્યે જ કોઈ તીર્થ ઉપર કર્યો હશે. મતલબ સૌથી વધારે પૈસો આ તીર્થમાં વપરાયો છે. અન્યતીર્થોના મહિમામાં વધ-ઘટ થઈ હશે... આ તીર્થનો મહિમા દિન-પ્રતિદિન વૃદ્ધિ જ પામી રહ્યો છે.

જૈનકુળમાં જન્મેલા પુણ્યાત્માને અન્ય તીર્થની યાત્રા કરવાની ભાવના થાય કે ન થાય, અન્યતીર્થોની યાત્રા કરી હોય કે ન કરી હોય પરંતુ આ તીર્થની યાત્રા તો લગભગ કરી જ હશે અથવા કરવાના મનોરથ તો દિલમાં ઊઠતા જ હશે. પ્રત્યેક વર્ષે લાખો ભાવિકો આ તીર્થની યાત્રા કરે છે. કેટલાક તો દર મહિને કરનારા પણ છે. પાલિતાણામાં વસનારા કેટલાય ભાવિકો રોજ પ્રભુને ભેટવા ગિરિરાજ ચઢે છે ! કેટલાક ભાગ્યશાળીઓ તો વિશાળ સંખ્યામાં સંઘ સાથે છ'રી' ના પાલન સાથે યાત્રિકોને લઈ આવે છે, જેમાં ચતુર્વિધ સંઘ પણ હોય છે. એ માટે લાખો-કરોડોનો ખર્ચ કરે છે. વસ્તુપાળ-તેજપાળ જેવા તો તેર-તેર વાર સંઘ લઈને આવ્યા હતા. (૧૩મી યાત્રામાં અડધે રસ્તે અંકેવાડિયામાં તેમનો સ્વર્ગવાસ થયો હતો.) આ તીર્થનો સંઘ કાઢે તેને (શ્રાવકને) સંઘવીપદ પ્રાપ્ત થાય છે. 'સંઘવીપદ' ની પ્રાપ્તિ એક મોટું સૌભાગ્ય ગણાય છે. આ પદ શાસ્ત્રીય છે. ગૃહસ્થને ગુરુભગવંત પણ આ પદથી નવાજે છે. શત્રુંજય મહાત્મ્યમાં તો એ સંઘવીને આચાર્યભગવંત પણ સંઘવી (સંઘપતિનું) તિલક કરે એમ જણાવ્યું છે. ખુદ ઋષભદેવપ્રભુએ આ પદની ગૌરવગાથા બાર પર્ષદાની સામે વર્ણવી છે. તે પ્રેરણા લઈને જ ભરતચક્રવર્તીએ આ અવસર્પિણીમાં અયોધ્યાથી ગિરિરાજનો સૌ પ્રથમ સંઘ કાઢ્યો હતો. તે સમયે ઋષભસેન ગણધર ભગવંતે તેમના લલાટે 'સંઘપતિ'નું તિલક કર્યું હતું.

જે સંઘપતિપદની પ્રાપ્તિ કરે છે, તેનો જન્મ સફળ માનવામાં આવે છે. સંઘપતિપદની પ્રશંસા કરતાં જણાવવામાં આવ્યું છે કે - **ऐन्द्रं पदं चक्रिपदं, श्लाध्यं श्लाध्यतरं पुनः । संघाधिपतिपदं ताभ्यां, न विना सुकृतार्जनात् ।।** મતલબ, ઈન્દ્રનું પદ અને ચક્રવર્તીનું પદ પ્રશંસનીય છે પરંતુ એ બંને પદ કરતાં સંઘપતિનું પદ વધારે પ્રશંસાપાત્ર છે. કારણ, વિશિષ્ટ સુકૃત વગર આ પદની પ્રાપ્તિ સંભવિત નથી. હા, આ જ કારણે જો તમને પુણ્યના ઉદયથી સંપત્તિ પ્રાપ્ત થઈ જ હોય તો આવા સંઘપતિ પદની પ્રાપ્તિની અભિલાષા જરૂર રાખવી જોઈએ.

શાસ્ત્રીય વિધિપ્રમાણે જે પુણ્યાત્મા સંઘ કાઢે છે, તે અવશ્ય મહત્તમ પુણ્યનું ઉપાર્જન કરે છે. સાચા સંઘપતિ માત્ર ઉદારતાથી નથી બની જવાતું. તેનામાં ન્યાય-નીતિ - દયા - ઇંદ્રિયદમન - વ્રત - નિયમ - આવશ્યક ક્રિયા વગેરે ગુણો હોવા જરૂરી છે.

આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિ મહારાજે પોતાના પ્રાકૃત કલ્પમાં સંપ્રતિરાજા-વિક્રમાદિત્ય રાજા-શાલિવાહન રાજાને પણ ગિરિરાજના જીર્ણોદ્ધાર કરનાર તરીકે ગણાવ્યા છે... પરંતુ મોટા ઉદ્ધારમાં તેમનાં નામો જોવામાં આવતાં ન હોવાથી નાના ઉદ્ધારક ગણવા હિતાવહ લાગે છે. કારણ, નાના ઉદ્ધારો તો અસંખ્ય થયા છે, તેની ગણના ક્યાંથી થઈ શકે ?

**ચૌદમો ઉદ્ધાર**

વિક્રમની તેરમી સદીમાં વાગ્ભટ્ટ (બાહડ) મંત્રીની આગેવાનીમાં આ જીર્ણોદ્ધાર થયો હતો. વાગ્ભટ્ટ મંત્રી શ્રીમાળીવંશના હતા. ગુજરાતમાં તે સમયે મહારાજા કુમારપાળનું રાજ્યશાસન ચાલતું હતું. પિતા ઉદયનમંત્રીની ભાવનાને સાકાર કરવા આ ઉદ્ધાર પુત્રોએ કર્યો હતો. (બાહડ અને ચાહડ બે ભાઈઓ હતા.)

પ્રબંધ ચિંતામણિ ગ્રંથના રચયિતા શ્રીમેરુતુંગસૂરિ મ. આ ઉદ્ધાર વિષે જણાવે છે કે - કાઠિયાવાડ(સૌરાષ્ટ્ર)ના સુંવર નામના માંડલિક રાજાને જીતવા માટે મહારાજા કુમારપાળે પોતાના વિશ્વસ્ત મંત્રી ઉદયનને મોટી સેના સાથે મોકલ્યા હતા. ઉદયન મંત્રી શાસનના અનુરાગી હતા. શ્રદ્ધાસંપન્ન હતા. ઉદયનમંત્રીની બુદ્ધિથી જ તો ચાંગદેવની પ્રાપ્તિ જૈનશાસનને થઈ હતી. આ.ભ.શ્રી દેવચન્દ્ર સૂરિજી મહારાજાએ ચાચિગ પિતાને સમજાવવાની જવાબદારી આ જ ઉદયનમંત્રીને સોંપી હતી. ચાંગદેવ એટલે જ શ્રીહેમચન્દ્રાચાર્યજી અને ચાચિગ તેમના સંસારી પિતા. માતા પાહિણી તો પરમશ્રાવિકા હતી પરંતુ પિતા તો મોઢવણિક હતા. એક ચાંગદેવને મેળવવા અને ગુરુભગવંતની ભાવના પૂરી કરવા ઉદયનમંત્રી પોતાનાં દેવકુંવર જેવાં બંને સંતાનો (પુત્રો) ચાચિગને આપી દેવા તૈયાર થઇ ગયા હતા. શાસન પ્રત્યેનો અવિહડ રાગ હોય તો જ પોતાના પુત્રોનો મોહ છૂટે ! એ દિલદ્રાવક પસંગ પણ જાણવા - માણવા જેવો છે. દીકરા - દીકરીનો રાગ જેને પજવતો હોય તેમણે એ પ્રસંગ ખાસ જાણી લેવો. એક તરફ પ્રભુનું પરમતારક શાસન તો બીજી તરફ સંસારમાં પરિભ્રમણ કરાવનારો અને દુઃખની ગર્તામાં ધકેલનારો પુત્રમોહ ! કોને પ્રાધાન્યતા આપવી ?

પુત્રમોહ એ અપ્રશસ્ત રાગ છે.. શાસનનો અનુરાગ એ પ્રશસ્ત મોહ-રાગ



છે. પુત્રને પરણાવીને કેટલા સુખી થયા ? પુત્રને દીક્ષા આપીને કેટલા પ્રસન્ન થયા? આ બંનેનો જવાબ થોડો વિચારી જુઓ. લગ્નની પાછળ આવનારી લાંબી દુઃખની વણઝારથી કોણ અપરિચિત છે ? જ્યારે સંયમજીવનનો રસાસ્વાદ તો અનેરો હોય છે. શાદી અને સંયમ વચ્ચેનું અંતર વિચારવામાં આવે તો બુદ્ધિનો સ્પષ્ટ જવાબ મળશે કે સંયમનો જ માર્ગ અપનાવવો જોઈએ. શાદીજીવનમાં તો રોજ આધિ અને ઉપાધિની લંગર લાગેલી રહે છે. રોજ નવા નવા પ્રશ્નો ઊભા થાય છે. નિત નવી નોબતો આવે છે. દુઃખ વિનાનો દિવસ જ ક્યાં મળે છે ? પિયુની પ્રીતિ પુરસ્કાર નહિ, પીડા આપે છે. લગ્ન એ ગળે ઘંટ અથવા પત્થરની શિલા બાંધવા જેવી પ્રક્રિયા છે. આટલો ભાર ઉપાડવાની તૈયારી ક્યાં છે ? સંસારમાં તો એક પછી એક લંગર વધતી જ જાય છે. એનો અંત ક્યારેય આવે ખરો ?

મંત્રીશ્વર ઉદયને પોતાના સુપુત્રોને સંસ્કાર કેવા આપ્યા હશે ? મંત્રીશ્વર ઉદયન લાવ-લશ્કર સાથે લગભગ વઢવાણ શહેરની નજીક પહોંચ્યા. તે સમયે અહીંથી સિદ્ધગિરિ નજીક છે, એમ જાણીને યાત્રાના ભાવ જાગ્યા. સૈન્યને કાઠિયાવાડ તરફ આગળ રવાના કરી પોતે ગિરિરાજની યાત્રા માટે શત્રુંજય તરફ રવાના થયા. શક્ય શીઘ્ર ગતિથી શત્રુંજય પહોંચ્યા. કારણ, યાત્રા કરીને યુદ્ધ માટે જવું જરૂરી હતું. ગિરિરાજ પર શ્રીઆદિનાથ ભગવાનની પૂજા વગેરે કાર્યો કર્યાં. તે સમયે જિનાલય લાકડાનું બનાવેલ હતું. તે પણ જીર્ણ હાલતમાં જણાયું. ઘણે ઠેકાણે તિરાડો પડી ગઈ હતી. ત્રણ ભુવનના રાજા, શાશ્વતગિરિરાજના અધિપતિ, અનંતસિદ્ધનિદાન આવા તીર્થાધિરાજની - મંદિરની આ હાલત ? આ સ્થિતિથી ચિંતા વધી ગઈ. પૂજા કર્યા બાદ રંગમંડપમાં બેઠા.. એકાગ્રતા પૂર્વક સ્તવના ચાલી... આ બધું થયું ત્યાં તો લાકડાની ફાટમાંથી એક ઉંદર નીકળ્યો. સળગતી દીવાની બત્તી (દીવેટ) મુખમાં લઈને ક્યાંક ચાલ્યો ગયો. આ દૃશ્ય જોતાં જ આઘાત લાગ્યો. વિચાર આવ્યો કે - મંદિર લાકડાનું છે. જીર્ણ હાલતમાં છે. નથી ને ક્યાંક લાકડાને આ સળગતી જ્યોત અડી ગઈ તો મારા ભગવાનનું અને તારક જિનાલયનું શું થાય? તીર્થ - તીર્થાધિપતિ આદિની ભયંકર આશાતના થાય ! મારી આટલી સંપત્તિ અને સત્તા શું કામની ? યાત્રાના અપૂર્વ આનંદ સાથે ઉદ્વેગે પણ મનમાં આશ્રય લીધો.

મંત્રીશ્વરે ત્યાં જ પ્રતિજ્ઞા કરી 'યુદ્ધ પૂર્ણ થયા બાદ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીશ. લાકડાની જગ્યાએ પત્થરનું મજબૂત જિનાલય ઊભું કરીશ.' પ્રતિજ્ઞા કરી ત્યાંથી નીકળી લશ્કરને ભેગા થયા. દુશ્મન સાથે મોટી લડાઈ થઈ. દુશ્મનનો

પરાજય થયો, પોતે જીત હાંસલ કરી. 'ગઢ આલા પણ સિંહ ગેલા' જેવી હાલત થઈ. મતલબ, શત્રુસૈન્ય પર જીત તો મેળવી પણ યુદ્ધમાં ઘાયલ થયેલા મંત્રીશ્વરે ત્યાં જ અંતિમ શ્વાસ લીધો, મૃત્યુ પૂર્વે મંત્રીશ્વરે સૈનિકોને બોલાવી એક વાત કરીઃ આપણા માલિક મહારાજા કુમારપાળનું કાર્ય (કર્તવ્ય) અદા કરીને જાઉં છું, તેનો અનહદ આનંદ હોવા સાથે મારી એક પ્રતિજ્ઞા પૂરી ન કરી શક્યો તેનું પારાવાર દુઃખ પણ સાથે લઈને જાઉં છું. પરંતુ મારી એ શત્રુંજયના ઉદ્ધારની પ્રતિજ્ઞા માટે મને મારા પ્રિય પુત્રો પર વિશ્વાસ છે, મારી પ્રતિજ્ઞા એ પૂરી કરશે જ. ખેર ! ભવિતવ્યતા એવી છે કે મારે મારા હાથે જે ઉદ્ધારનું કાર્ય પૂરું કરવું હતું તે ન કરી શક્યો. મારો આ સંદેશો મારા પુત્ર વાગ્યભટ્ટને કહેજો.

મંત્રીશ્વરનું વચન સૈનિકોએ માથે ચઢાવ્યું. તે સૈનિકો પણ કેવા ? આજના દીકરાઓય આવા મળવા દુર્લભ છે. આટલો વાર્તાલાપ થતાં જ મંત્રીશ્વરે દેહ છોડ્યો, મંત્રીશ્વરના પાર્થિવ દેહનો અગ્નિ સંસ્કાર કરી, વિજયીસૈન્ય દિલગીરી સાથે રાજધાની પાટણ પહોંચ્યું. રાજાને સર્વ વૃત્તાંત જણાવી, મંત્રીશ્વરની વાત તેમના બંને દીકરાઓને (બાહડ અને અંબડને) જણાવી. મતલબ, પિતાજીનો અંતિમ સંદેશો કહ્યો. પિતાજીનો અંતિમ સંદેશ - અંતિમ ભાવના પુત્રોએ મસ્તકે ચઢાવી. પિતાજીની ભાવનાને સાકારવાની તૈયારીમાં લાગી ગયા. બાકીનાં કાર્યોને ગૌણ કરી દીધાં. પિતાજીની ભાવના જેમ તેઓ પૂરી ન કરી શક્યા, તેમાં મૃત્યુ કારણ બન્યું. કાલે આપણાય આયુષ્યનો ભરોસો નહીં. માત્ર બે વર્ષના ટૂંકાગાળામાં તો પત્થરનું જિનાલય આવા ઊંચા ગિરિરાજ પર તૈયાર કરાવી દીધું ! નીચે જમીન પર આજના યુગમાંય, આવાં યાંત્રિક સાધનો વચ્ચે આવા જિનાલયનું નિર્માણ શક્ય નથી બનતું ત્યાં આટલા સેંકડો હજારો ફૂટ ઊંચા ડુંગર પર, જ્યાં માર્ગનાય ઠેકાણાં નહીં, એ કાર્ય કેટલું દુષ્કર ગણાય ?

આવા જિનાલયના નિર્માણની (પૂર્ણાહુતિની) વધામણી લાવનારને મંત્રી બાહડે વિશિષ્ટ પ્રીતિદાન આપીને ખુશ કર્યો. પ્રતિષ્ઠાની તૈયારીમાં લાગી ગયા, ત્યાં વળી એક દુઃખદ સમાચાર આવ્યા. એક મનુષ્યે આવીને મંત્રીને જણાવ્યું કે મંદિરની દિવાલમાં ફાટ પડી છે. મંત્રીશ્વર બાહડ તરત જ ચાર હજાર ઘોડેસ્વારો સાથે શત્રુંજય પહોંચ્યા. સોમપુરાને મળ્યા. ફાટ પડવાનું કારણ પૂછ્યું. જવાબમાં સ્થપતિએ જણાવ્યું કે પ્રદક્ષિણા માટે જે ભ્રમણમાર્ગ (ભમતી) બનાવ્યો છે, તેમાં



હવાનો પ્રવેશ થાય છે. ડુંગર પર હવાનું દબાણ વધારે હોય છે. એ હવાના કારણે આ ફાટ પડી જાય છે. વળી જો ભમતીવગરનું જિનાલય બનાવવામાં આવે તો શિલ્પશાસ્ત્ર કહે છેઃ જિનાલયનિર્માણ કરાવનારને સંતતિનો અભાવ થાય છે.

મંત્રીએ જણાવ્યું કે ભલે સતતિ ન હોય, પરંતુ મંદિર એવું બનાવો કે ભવિષ્યમાં તૂટવા - ફૂટવાનો ભય ન રહે. ત્યારબાદ શિલ્પીઓએ બુદ્ધિને કામે લગાડી. એવો રસ્તો શોધી નાખ્યો કે - ભમતી પણ થાય અને સંતતિ પણ થાય. મતલબ ભમતી બનાવી પરંતુ તેના પર એવી શિલાઓ ગોઠવી દીધી કે ક્યારેય ફાટ ન પડે ! હાલ પણ આ ભમતી પેક છે, બંધ અવસ્થામાં જ છે. તેથી જ તો ગભારાની દિવાલ અને બહારની વચ્ચે ઘણો ગેપ છે અર્થાત્ અંદરની સાઈડે ભમતી હોવા છતાં તે પૂરીને બંધ કરીને પેક કરી દેવામાં આવી છે. જેથી અંદર હવા, પવન ભરાવાનો સંભવ જ ન રહે !

આ રીતે મંદિર તૈયાર કરવામાં વળી એક વર્ષ વધારે લાગી ગયું. એટલે કે ત્રણ વર્ષે જિનાલય તૈયાર થયું. એમ કહેવાય છે કે - પહેલાં મંદિર તૈયાર થઈ ગયા - ની વધાઈ લાવનારને સોનાની ૧૬ જીભ ભેટ આપી, જ્યારે જિનાલયમાં ફાટ પડી ગયાના (મતાંતરે શિલાઓ ઊડી જવાના) સમાચાર લાવનારને મંત્રીએ સોનાની ૩૨ જીભ ભેટમાં આપી ! કારણ એ હતું કે - મારા જીવતાં જ, મારી હાજરીમાં સમાચાર મળ્યા તો હું જ તેને વ્યવસ્થિત કરી શકીશ, બાકી સમાચાર તો સારા નહોતા જ.

મંદિર તૈયાર થઈ જતાં મંત્રીશ્વર બાહડે ગુજરાતની રાજધાની અને પોતાના વતન પાટણથી મોટાપાયે છ'રી' પાલક સંઘ કાઢ્યો. તે જમાનામાં ખૂબ ઉદારતા પૂર્વક ધનનો સદ્વ્યય કર્યો. સુપ્રસિદ્ધ, કલિકાલસર્વજ્ઞના સાર્થક બિરુદને ધારણ કરનારા, સાડાત્રણ ક્રોડ શ્લોકના રચયિતા આચાર્યશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.ના વરહસ્તે વિ.સં. ૧૨૧૩ માં પ્રતિષ્ઠા કરાવી.

શ્રીમેરુતુંગાચાર્યશ્રી લખે છેઃ આ જિનાલયના નિર્માણમાં, તે જમાનામાં ૧ ક્રોડ સાઠ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. મંદિરના નિભાવ માટે તથા વ્યવસ્થા માટે મંત્રીએ કેટલાંક ગામ તથા કેટલીક જમીન અર્પણ કરેલ, જેની ઊપજમાંથી યુગોના યુગો સુધી નિભાવ થયા કરે.

(ક્રમશઃ) ધ

**-પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

ગુરુનો મહિમા સર્વ જગતમાં વ્યાપ્ત છે. દરેક ધર્મોમાંય ગુરુતત્ત્વની ગરિમા બતાવવામાં આવી છે. ગુરુત્વ અને સદ્ગુરુતત્ત્વની વચ્ચે મોટો ફરક છે. ગુરુ તો દરેક દર્શનકારોને માન્ય છે. દરેકમાં 'ગુરુ'ની વ્યાખ્યા ઘટે છે કે નહીં, તે મહત્ત્વની વાત છે. 'ગુ' મતલબ અંધકાર, 'રુ' મતલબ દૂર કરનાર. એટલે કે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી સમ્યગ્જ્ઞાનરૂપી પ્રકાશ આપે તે વાસ્તિવિક ગુરુ કહેવાય છે. વેશ માત્રથી ગુરુ બની જવાતું નથી કે ગુરુનું બિરુદ સાર્થક થઈ જતું નથી. ગુરુના ગુણો મેળવવા એ માટે જરૂરી છે. ગુણહીન ગુરુ તો પોતે ડૂબે અને બીજાને ડૂબાડે. એ તો લાકડાની નહીં, લોખંડની નાવ જેવા હોય-ગણાય. સદ્ગુરુ તો પોતે તરે અને સાથે બીજાને તારે, આવા ગુરુનું શરણું સંસારસાગરથી રક્ષણ આપવા સાથે પાર ઉતારવાનું કાર્ય કરે છે.

સંસાર-કાદવમાં ફસાયેલી પોતાની જાતને સ્વયં કાઢવા-ઉગારવા સમર્થ નથી, તેને પોતાની જાતને ઉગારવામાં મદદ માટે ગુરુની અવશ્ય જરૂર પડે છે. હા, એમાં પુરુષાર્થનો હિસ્સો પોતાનો હોવા છતાં એ સમયે હિંમત આપનાર, પુરુષાર્થને સાચી દિશા બક્ષનાર, માર્ગદર્શન પૂરું પાડનાર આ સદ્ગુરુ બને છે. જો પોતાની બુદ્ધિ વગેરે સુવ્યવસ્થિત હોય તો એ ગાડીને કિચ્ચડમાં ફસાવા જ ન દે. ફસાયા એનો મતલબ એ થયો કે, એમાં પોતાના સંચાલનની ખામી છે. પોતાની આવડતમાં ઊણપ છે. હવે ફસાયા પછી બહાર નીકળવા માટે જ્યારે પોતાને રસ્તો મળતો ન હોય, પોતાની પ્રજ્ઞા કામ આવતી ન હોય... ત્યારે કોઈકની સલાહ, કોઈકના માર્ગદર્શનની આવશ્યકતા ઊભી થાય. પોતાનાથી અધિક જાણકાર, જ્ઞાની, અનુભવીની જ સલાહ લેવાય. કારણ આવા સમયે બળ નહીં, કળની વધુ જરૂર હોય છે. અહીં બાહુબલી નહીં, બુદ્ધિશાળીની વધારે જરૂરિયાત હોય છે. બાહુબળ-શારીરિક તાકાતવાળાને બુદ્ધિવાળો આસાનીથી જીતી લે છે. કોઈકને સમજાવવો હોય, પ્રતિબોધ કરવાનો હોય ત્યાં બાહુબળ નિષ્ફળ જાય છે, બુદ્ધિબળ-પ્રજ્ઞાબળ જ સફળ બને છે. યુદ્ધમાંય માત્ર બાહુબલથી વિજય નથી મળતો, સાથે બુદ્ધિના બળને(વ્યૂહરચના) જોડવું પડે છે. કોર્ટમાં બુદ્ધિના બળે દોષિત વ્યક્તિ પણ જીતી જાય છે. વાદમાં પણ મોટે ભાગે બુદ્ધિવાળાનો જ વિજય જોવા મળે છે. અલબત્ત, બંને બળનો સુયોગ-સમન્વય થાય તો ખૂબ જ સારું પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. અધ્યાત્મ ક્ષેત્રે મુનિભગવંતો આવો જ સમન્વય સાધતા હોય છે.મતલબ, એકેય



બળને તેઓ છૂપાવતા નથી. એમાંય, તેઓના બુદ્ધિબળમાં શાસ્ત્રની આજ્ઞાને સાંકળવામાં આવે છે. દરેક ક્રિયા કરવામાં શાસ્ત્રાજ્ઞા અને શાસ્ત્રમર્યાદાનો વિચાર સમાયેલો હોય છે. તેઓ દરેક પ્રસંગને શાસ્ત્રની આંખથી જોઈને આગળનો વિચાર-નિર્ણય કરતા હોય છે. ચામડાની આંખ કરતાં તેનું વિઝન(દૃષ્ટિ) વધું લાંબુ-દીર્ઘ હોય છે. ચર્મચક્ષુથી દેખાતાં દશ્યોમાં-ચીજોમાં ઘણીવાર ખામી જોવા મળે છે. જ્ઞાનચક્ષુથી ખામીની લગભગ નહિવત્ સંભાવના જ હોય છે. વળી, પરિણામ સારું મળવાની ટકાવારી લગભગ સો ટકા હોય છે.

ઉપદેશમાળા ગ્રંથના ૨૬૩મા શ્લોકમાં જણાવે છે કે- જે જડબુદ્ધિવાળો જીવ ધર્મગુરુનો પરાભવ કર છે, અપમાન કરે છે. સાધુભગવંતોનો આદર કરતો નથી. જેનામાં તુચ્છ ક્ષમા છે, ઉદારતા સાથેની વિશાળ ક્ષમા નથી અને જેને શ્રુતધર્મ અને ચારિત્રધર્મની અભિલાષા-પ્રાપ્તિની ભાવના નથી.. તેને પરમાર્થથી વિચારવામાં આવે તો દુર્ગતિની જ અભિલાષા છે. મતલબ, એ એની આવી કાર્યવાહીથી દુર્ગતિની ઈચ્છા કરી રહ્યો છે. આગળના શ્લોકમાં એમ પણ જણાવે છે કે- શારીરિક-માનસિક હજારો દુઃખોની પીડા-આફત આવવા છતાં (તેઓ શરીર અને મનના રાગનો નિગ્રહ-નિયંત્રણ કરવાના યોગે) રાગરૂપી, ઉચ્છૃંખલ, ગજેન્દ્ર(મદોન્મત હાથીને જ્ઞાનરૂપી અંકુશથી વશ કરે છે. કારણ કે તેઓને એ ખબર છે કે રાગ એ સંસારને વધારનાર છે. તેથી સંસારના ભયવાળા(શારીરિક-માનસિક પીડાના ભયવાળા નહીં) તે મુનિભગવંતો પહેલેથી જ રાગને તોડી નાખે છે. મુનિઓને એ જ્ઞાન-જાણકારી છે, એનો પૂર્ણ ઉપયોગ છે કે શારીરિક-માનસિક-દુખો આત્માનું નથી બગાડતા. બગાડનાર રાગ અને દ્વેષ છે. યોગી મોક્ષમાં જાય, રાગી નહીં.

રાગ રૂપી હાથીને વશ કરનાર મહાત્માઓ દ્વેષને પણ વષ કરે જ છે. રાગ હોય ત્યાં દ્વેષને આવતાં વાર નથી લાગતી. મોહરૂપી વૃક્ષની આ બે ડાળીઓ છે. બંનેનું થડ એક જ છે. શારીરિક અને માનસિક પીડાઓ તેનાં કડવાં ફળો છે. આ ફળો ખાવાં ન પડે માટે જ મહાત્માઓ રાગ-દ્વેષથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. ડગલેને પગલે રાગ-દ્વેષને પોષનાર સંસારી જીવોને અનવરત-અટક્યા વગર આધિ વ્યાધિ ઉપાધિ (શારીરિક માનસિક દુઃખો)ની હારમાળા ચાલે એમાં નવાઈ શી હોય? અર્થાત્ એ જીવો સતત દુઃખરૂપી લાવારસથી દાઝતા જ હોય છે. વળી, અજ્ઞાનતાના યોગે નિમિત્તને મુખ્ય ગણવાના કારણે(ઉપાદાન તરીકે પોતાના દોષો-કર્મોને ન જોવાના કારણે) નવાં નવાં કર્મો; એ જ રાગ-દ્વેષના પનારે પડીને બાંધે છે. એટલે સાંકળ(ચેનલ) ક્યારેય અટકતી નથી! અટકવાનું નામ લેતી નથી.

આવા સૂક્ષ્મ રાગ-દ્વેષનું અવલોકન કરનાર-કરાવનાર જૈન શાસ્ત્રો જ છે. તેથી જ તેનાથી બચવાનું કાર્ય કરનાર પણ જૈન સાધુ જ છે. માટે જ જૈન સાધુ જ તાત્ત્વિક સદ્ગુરુ કહી શકાય. દીક્ષાની પૂર્વાવસ્થાથી એ માટે મહેનત શરૂ કરવાની વાત આચારાંગસૂત્રના ધૂતાધ્યયનમાં નોંધાઈ છે સ્વજનધૂન, શરીર(દેહ) ધૂનન-મોહધૂનન-કર્મધૂનન-ઉપકરણધૂનન વગેરે કર્યાપછી જ દીક્ષા લેવાની વાત; ત્રિપદીના આધારે ગણધરભગવંતોએ રચેલી દ્વાદશાંગી(બાર અંગ શાસ્ત્રો)માં પ્રથમ અંગ તરીકે ગણાતા આચારાંગસૂત્રમાં મૂકી છે. મુમુક્ષુ અવસ્થામાં આવી તાલીમ સાથે તૈયાર થયેલા મુનિને રાગ કે દ્વેષ ક્યાંથી હેરાન-પરેશાન કરી શકે? કારણ, મુનિવરો તો એના પડછાયા માત્રથી જ દૂર રહેતા હોય છે. આવા સાધુભગવંતોને શારીરિક નાનું પણ દુઃખ ત્યારે જ પીડારૂપ લાગે છે , જ્યારે એ દુઃખ સહન કરવા મન તૈયાર નથી હોતું. મુનિભગવંતો મનને વધારે વશ કરે છે. શરીર કરતાં તેમને માટે ઈન્દ્રિયો અને મન વધુ કર્મ બંધ કરાવી પીડા દાયક બનતાં લાગે છે. કર્મથી આવતાં-આવેલાં દુઃખોને મન હા પાડે કે ના પાડે ભોગવવાં જ-સહેવાં જ પડે છે. જેમાં પોતાનાથી પરિવર્તન સંભવિત નથી, તેનો વ્યર્થ વ્યવસાય મુનિઓ નથી કરતા..... જેને નિયંત્રણમાં લઈ શકાય એવાં છે તે ઈન્દ્રિયો અને મનને, જ્ઞાનની દોરીથી વશ કરવાનો તેમનો સત્પ્રયત્ન હંમેશા હોય જ છે. અને એ જ સાચી સફળતા છે. હાથીને અંકુશથી, ઘોડાને લગામથી, ભેંસ-બળદને નથણીથી, કૂતરા વગેરેને સોટીથી-ચાબુક આદિથી વશ કરવાના છે તે રીતે ઈન્દ્રિયો અને મનને જ્ઞાનરૂપી અંકુશથી વશ કરી શકાય છે. એ જ્ઞાનને અંકુશ ગણો, સાંકળ ગણો, લગામ કહો કે નથણી કહો... જ્ઞાનમાં એક વિશિષ્ટ શક્તિ સમાયેલી છે.

ઉપદેશમાળાની જ ૨૬૫મી ગાથામાં જણાવ્યું છે કે- શ્રેષ્ઠ એવી મોક્ષગતિ, તેના માર્ગને દીપકની જેમ પ્રકાશદ્વારા બતાવનાર-સમ્યગ્જ્ઞાન આપનારા ગુરુભગવંતનો ઉપકાર એટલો છે કે-તેઓને બદલામાં શું આપવા યોગ્ય નથી? અર્થાત્ પ્રાણ આપી દો, સર્વસ્વ ન્યોચ્છાવર કરી દો તોય ઓછું છે. જેમ શિવના ભક્ત ભિલ્લ-આદિવાસીએ શિવનું એક નેત્ર ઊખડી ગયેલું જોઈ(એક આંખ નથી, એવું જોઈ) પોતાની આંખ કાઢીને શિવની મૂર્તિમાં બેસાડી દીધી હતી! આ રીતે જ્ઞાન પ્રત્યે માત્ર બાહ્ય ભક્તિ જ નહીં, આંતરિક બહુમાન પણ ધારણ કરવું જોઈએ.

ઠાણાંગ નામના ત્રીજા અંગશાસ્ત્રમાં પણ ગુરુમ.ને પ્રત્યુપકાર અનર્હ ગણાવ્યા છે. એટલે કે એકવાર ગુરુભગવંતે તમારા ઉપર ઉપકાર કર્યો તેનો



પ્રત્યુપકાર ગમે તેટલી ભક્તિ-ગમે તેટલું દાન વગેરે કરોડો ભવ સુધી કરો તોય પ્રત્યુપકાર શક્ય નથી. ભગવાન-ગુરુ-માતાપિતા અને કલાચાર્યઃ આ ચાર માટે ઠાણાંગમાં શબ્દો વાપર્યા છે,'અપ્રત્યુપકાર્ય'.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સમકિત સડસઠ બોલની સજ્ઝાયમાં નોંધે છેઃ'સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય, ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય'. આ જ વાત ઉપદેશમાળાની ગાથા ૨૬૯મા જોવા મળે છે. ત્યાં 'સવ્વગુણમેલિયાહિ વિ' આવો વાક્ય-શબ્દ પ્રયોગ કરીને એમ જણાવ્યું છે કે, ડબલ-ત્રબલથી લઈ અનંતગુણા ઉપકાર; ઘણા ભવ સુધી અને ક્રોડો-હજારો વાર કર્યા છતાં સમકિત પમાડનાર ગુરુના ઉપકારનો બદલો વાળી શકાતો નથી. અર્થાત્ ગુરુના એક માત્ર સમ્યક્ત્વ પમાડવાના પ્રતિ-ઉપકારરૂપે કરોડો ઉપકાર ઘણાં ભવો સુધી કરો તોય ઋણમુક્તિ શક્ય નથી. ગુરુનો ઉપકાર હંમેશા નિષ્કારણ-નિર્વ્યાજ-નિઃસ્વાર્થ હોય છે. એનું મૂલ્ય ક્યાંથી ચૂકવી શકાય?

ઉપદેશમાળામાં ૫૬૬ની ગાથામાં વિનયની વાત જણાવતાં લખ્યું છે કે-ચંડાળને સિંહાસન ઉપર બેસાડી શ્રેણિકરાજાએ વિનયપૂર્વક એની પાસે વિદ્યાની માંગણી કરી. તે રીતે સાધુ-મુનિઓએ પણ શ્રુત-વિદ્યા પ્રપ્ત કરવા વિદ્યાના દાતા ગુરુભગવંતનો વિનય કરવો જોઈએ. આ પણ ગુરુતત્ત્વનો જ મહિમા છે. ગુરુનો અપલાપ(છૂપાવવા) તો શ્રુતનો જ અપલાપ છે. ગુરુતત્ત્વની ઉપાસનાનો લાભ જેમ મહાન છે, તેમ ગુરુતત્ત્વની આશાતના-અપલાપ-અવિનય વગેરે દોષોય મોટા છે, આ વાત ભૂલવા જેવી નથી.

ગુરુ તત્ત્વનો પરિચય આપતાં એક ઠેકાણે જણાવ્યું છે કે- 'જે પરભાવોથી હંમેશા મુક્ત છે.પોતાનાં ગુણોના રક્ષણમાં હંમેશા તત્પર છે. આઠ કર્મનો ક્ષય કરવામાં ચાલાક છે. આનો અર્થ એ થયો કે પોતાના આત્મભાવો સિવાયના તમામ પૌદ્ગલિક ભાવોથી તેઓ હંમેશા પર રહે છે. આ પૌદ્ગલિક ભાવો જ રાગ-દ્વેષનાં પરિણામો ઊભાં કરે છે. રાગ-દ્વેષથી બચવું જ હોય તો પરભાવોથી હંમેશા દૂર જ રહેવું જોઈએ. પરભાવોમાં રમનારો રાચનારો જીવ સ્વભાવની નજીક પહોંચી શકતો નથી. પરભાવોમાં જોડાયેલો આત્મા ગુણપ્રાપ્તિ તરફ આગળ વધી શક્તો નથી, ગુણોની પ્રાપ્તિ થયા પછી પરભાવોમાં ચાલ્યો જાય તો ગુણોની સુરક્ષા થઈ શક્તી નથી. નવાં નવાં કર્મો બાંધતો જ રહે છે. આવી સ્થિતિવાળો જીવ કર્મના ક્ષય માટે કઈ રીતે ઉદ્યમ કરી શકે?'

૫

## ★ શાસ્ત્ર-વિલોકન, જ્ઞાનોપાર્જન ★★★

**પાપનો ક્ષય, પાપનિષેધ** -સંકલન

**अन्यस्थाने कृतं पापं, क्षीयते जिनवेश्मनि ।**
**जिनालये कृतं पापं, वज्रलेपोपमं भवेत् ।।**

સંસારમાં ગમે ત્યાં કરેલું પાપ જિનાલયમાં નાશ પામે છે. જિનાલયમાં કરેલું પાપ વજ્રલેપ જેવું ચીકણું-નિકાચિત થાય છે.

**अन्यक्षेत्रे कृतं पापं, तीर्थक्षेत्रे विनश्यति ।**
**तीर्थक्षेत्रे कृतं पापं, वज्रलेपो भविष्यति ।। वस्तुपालचरित**

બીજાં ક્ષેત્રમાં કરેલું પાપ તીર્થક્ષેત્રમાં નાશ પામે છે. તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વજ્રલેપ બને છે.

**अन्यलिंगे कृतं पापं, जिनलिंगेन शुध्द्यति ।**
**जिनलिंगे कृतं पापं, वज्रलेपोपमं मतम् ।। दर्शनशुद्धि प्रकरण**

અન્યલિંગમાં (જોગી-સન્યાસીના વેષામાં) કરેલું પાપ જિનલિંગથી (મુનિજીવનથી ) શુદ્ધ થઈ જાય છે. પરંતુ જિનલિંગમાં કરેલું પાપ વજ્રના લેપ સમાન થાય છે.

**અનાચાર-સદાચાર**

**अनाचारस्य सन्मानं, सदाचारञ्च निंदनम् ।**
**एतत् घोरत्तरं पापं, भाथेयं भववर्त्मनि ।।**

અનાચારનું સન્માન કરવું, સદાચારીની નિંદા કરવી : ઓ ઘોરાતિ-ઘોર પાપ, સંસારના માર્ગમાં ભાથારૂપ છે. અર્થાત્ તે પાપ સંસાર વધારનાર છે.

**પાપ કેમ નથી કરતા ?**

**राजदण्डभयात्पापं, नाचरत्यद्यमो जनः ।**
**परलोकभयान्मध्यः, स्वभावादेव चोत्तमः ।।**

રાજ્ય તરફથી શિક્ષા થશે, એવા ભયથી અધમજીવ પાપ કરતો નથી. પરલોકમાં આ પાપનાં કટુફળ ભોગવવા પડશે, દુર્ગતિમાં જવું પડશે,એવા ભયથી પાપ ન કરનારો જીવ મધ્યમ ગણાય છે.સ્વ-ભાવથી જ પાપ ન કરનારો જીવ ઉત્તમ ગણાય છે.

**उपेक्षते समर्थोऽपि, यः प्रभुपापचेष्टितम् ।**
**बध्यते सोऽपि तत्कर्म, कियद्भागानुषंगतः ।।**



પોતે સમજાવવા-કહેવા -રોકવા સમર્થ હોવા છતાં જો સ્વામીના પાપની (પાપચેષ્ટાની) ઉપેક્ષા કરે તો તે પણ તેના કેટલાક ભાગના પાપનો ભાગીદાર થાય છે. મતલબ, તે પણ પાપથી બંધાય છે.

**प्रजाया धर्मषड्भागो, राज्ञो भवति रक्षितः ।**
**अधर्मस्यापि षड्भागो, जायते यो न रक्षति ।।**

પ્રજા જે ધર્મકાર્ય કરે તેનો છઠ્ઠો ભાગ(પુણ્ય) રક્ષણ કરનાર રાજાને (અધર્મનો) મળે છે. પ્રજાનું અધર્મથી રક્ષણ ન કરે તો (ન રોકે ) તો પાપનો છઠ્ઠો ભાગ તે રાજાને મળે છે. ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

-સંકલન

પૂજ્યપાદ આગમ-શિલ્પાદિ વિશારદ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પૂ.પ્ર.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ મૈસૂર (કર્ણાટક) માં ચાતુર્માસ બિરાજમાન છે.

ચાતુર્માસ પ્રવેશ તથા ચોમાસી ચૌદસના પ્રવચનો થયાં. ત્યારબાદ કોવિદ-૧૯ (કોરોના) મહામારીના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને સુરક્ષાના હેતુથી ઉપાશ્રયમાં પ્રવચન -પ્રતિક્રમણાદિ બંધ હતાં.

પર્વાધિરાજને ધ્યાનમાં રાખી સરકારી નીતી- નિયમોને બાધ ન પહોચેં તે રીતે કેટલાક નિયમો પૂર્વક જિનાલયમાં પૂજા-દર્શનના નિર્ણયો લેવામાં આવ્યા. તે પ્રમાણે - પ્રતિક્રમણ - પ્રવચન પણ ચાલુ થયેલ છે.

લગભગ ૪૦-૪૨ દિવસ પ્રવચનાદિ માંગલિક હોવાથી પૂજ્ય ગુરુદેવનું વર્ષોથી સ્થગિત થયેલું કાર્ય હાથમાં લીધું છે. લગભગ ૧૦-૧૨ વર્ષ પૂર્વે મરણ સમાધિપયન્નાનું મૂળ-છાયા અને ભાવાનુવાદનું સંપાદન થયેલ. બીજા પયન્નાનું તે જ રીતે કાર્ય કરવાનું હતું. સમયાભાવે અટકેલું એ કાર્ય હાથ પર લેવાઈ રહ્યું છે. ચઉસરણ પયન્ના તથા આઉરપચ્ચક્ખાણ પયન્નાનું કાર્ય પૂરું કરી હાલ તંદુલવેયાલિય પયન્નાનું કાર્ય ચાલે છે. લગભગ સંવત્સરી પૂર્વે પૂરું છઈ જશે. ત્યારબાદ આગળનું કાર્ય હાથ પર લેવાની ગુરુદેવની ભાવના છે. જો આગળ પ્રવચનાદિ ચાલું ન થાય તો પયન્નાનું કાર્ય પૂરું થઈ શકે છે. આ પયન્નાના કાર્ય માટે પૂજયયાદ ગુરુદેવ ધર્મતીર્થ પ્રભાવક આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય અને વર્તમાન ગચ્છાધિપતિ પ્રવચનપ્રદીપ

પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજની પણ ઘણાં વર્ષોથી ભાવના અને પ્રેરણા છે. સમયાભાવે આ કાર્યનો વિલંબ થઈ રહ્યો હતો. હવે વિઘ્નનાં વાદળો હટ્યાં લાગે છે.

પ્રવચનોની ભૂખ સંતોષવા માટે અહીંના આગેવાનો આગ્રહથી રોજ પૂજ્યશ્રી લખાણ કરી આપે છે. તે વિવિધ ન્યુઝપેપરમાં (હિન્દીમાં) પ્રકાશિત થાય છે. ૨-૪ સેમ્પલ આ અંકમાં આપેલ છે. પર્વાધિરાજનાં પ્રવચનોમાં સૌને ખૂબ જ આનંદ આવી રહ્યો છે. પૂજ્યશ્રીની નવા નવા દૃષ્ટિકોણથી શાસ્ત્રીય વાતને સમજાવવાની શૈલીથી સૌ પ્રભાવિત થયા છે. કલ્પસૂત્રનાં વ્યવસ્થિત સમજાવવાપૂર્વક થતાં પ્રવચનોથી વિશેષ આવર્જિત થયા છે. ચાતુર્માસમાં કોરોના(કોવિડ-૧૯) ના કારણે પ્રવચનો સાંભળવા ન મળવાના કારણે તેઓ વંચિત રહ્યા હતા. તે ભૂખ-તરસની તૃપ્તિ થવા લાગી છે. ધ

**अहिंसा क्रांति, कल्पसूत्र का वांचन हुआ शुरु, जैन के आनुयायी ले रहे है लाभ**

मैसूरु । सुमति नाथ जैन श्वेतांबर मूर्ति पूजक संघ के तत्त्वावधान में महावीर भवन में चातुर्मास कर रहे आचार्य देवेश भव्यदर्शन सूरीश्वर, साध्वी भद्रिकाश्री की निश्रा में जैन आनुयायी का महा ग्रंथ कल्पसूत्र को भगवान महावीर स्वामी की तस्वीर के सन्मुख लाभार्थी करुणादेवी अशोककुमार दाँतेवाडीया परिवार की ओर से विधिवत रुप से वासक्षेप, धूप, दीपक द्वारा पूजा अर्चना कर विराजमान किया गया। भगवान महावीर स्वामी के गगनभेदी जयकारो से परिसर गुंजायमान कर दिया गया । ट्रस्टी हंसराज पगारिया ने बताया कि कल से निरंतर पांच दिवसीय कल्पसूत्र का सिमित लोगों की मौजुदगी में पर्वचन के माध्यम से वाचन किया जायेगा । इन दौरान संघ के अध्यक्ष अशोक दाँतवाडीया, उपाध्यक्ष टिकमचंद वैदमुथा, सचिव भैरुमल राठेड, कोषाध्यक्ष मंगलचेद पोरवाल,ट्रस्टी मांगीलाल गोवाणी, मांगीलाल गोवाणी, डायालाल बोहरा, विमल भैसवाडा,सुमति नाथ नवयुवक मंडल अध्यक्ष, प्रवीण लुंकड, सचिव अमित दाँतेवाडीया, पाश्व पद्मावती ट्रस्ट के अध्यक्ष दलीचंद श्रीश्रीमाल आदि मौजुद रहे। - **जिनशासन संदेश**

**प्रमाद को झाड़ने वाला ही विजयी होता हैः आचार्य भव्यदर्शन सूरीश्वर म.सा - मैसूर**



१३ अगस्त २०२० श्री सुमतिनाथ जैन श्वेताम्बर मूर्तिपूजक संघ के तत्त्वावधान में महावीर भवन में चातुर्मास बिराजित आचार्य भव्यदर्शनसूरीश्वर तथा साध्वी भद्रिकाश्रीजी म.ने धर्म संदेश में बताया कि- श्री तीर्थकर भगवान के पास से गणधर भगवंत को त्रिपदी(उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा) प्राप्त होते ही मात्र ४८ मिनिटो में ही करोडो-खर्व श्लोक प्रमाण द्वादशांगी की रचना कर लेतें है। जब तक तीर्थंकर नामकर्म वाली आत्मा और गणधर नामकर्म वाली आत्मा दोनों मिलते नहीं वहां तक द्वादशांगी निर्माण का कार्य संभवित बनता नहीं है। इसी ही कारण वैशाख सुद १० को वीरप्रभु को केवलज्ञान प्राप्त हुआ, देशना भी दी, लेकीन द्वादशांगी की रचना या शासन स्थापना का कार्य संपन्न नहीं हुआ । दूसरे दिन जब गणधर की आत्मा का आगमन हुआ, तब शास्त्र रचना और तीर्थस्थापना का कार्य संपन्न हुआ। द्वादशांगी में जब सबसे पहला आचारांग गिना जाता है। आचारांग ग्रंथ में मुख्यतया साधु-साध्वी के आचारों का फरमान है। आचारो में क्या सावधानी रखना वह बताया है। सूक्ष्म-बादर जीवों की, त्रस-स्थावर जीवों की रक्षा कैसे करना? उस विषय का लंबा-चौडा वर्णन है। पृथ्वीकाय-अप्काय-तेउकाय-वाउकाय-वनस्पतिकाय में जीव की सिद्धि के बारे में अच्छी जानकारी देकर सही प्रमाण दिये है। साधक ऐसे साधु के लीए एक अच्छी बात वहां लिखते -'खणं जाणाहि पंडिए।' मतलब, हे बुद्धिमान् ! हे साधक ! समय को - अवसर को पहचान । अवसर का मूल्य समझ ले । जो साधक अवसर पे करने का कार्य चूक जाता है- वो लाभ के बजाय नुकसान का भागी होता है। नुकसान से बचना है और अवसर का पूरा लाभ उठाना है, तो सावधानी बरतना बहुत जरूरी है। समय पर कार्य न करने वाले को एक कहावत प्रेरणा देती है। 'अब पछताये क्या होत है, जब चिड़िया चुग गइ खेत ।' वीर प्रभु बार-बार गौतम का नाम लेकर हमारे जैसे प्रमादी जीवो को टटोलते थे- 'समयं गोयम मा पमायए।' हे गौतम ! एक समय का भी प्रसाद मत करना। मतलब, गौतमस्वामी तो अत्यंत अप्रमत्त थे। लेकिन हमारे जैसे प्रमाद से घिरे लोगों को प्रभु का यह फरमान था - उपदेश था । प्रमाद को झाडने वाला ही विजयी होता है। प्रमाद से दोस्ती रखने वाला दुर्गतिओं में भटकता रहता है। अतः प्रमाद को शास्त्रकारों ने मृत्यु या शत्रु की उपमा दी है, अमूल्य मानव जन्म को सफल बनाने के लिये उद्यमी बनें। ध